# ૬૦ હજાર વિદ્યાર્થીઓનું ભાવિ બચાવી શકાયું હોત

## કમસેકમ આ વર્ષે ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને નીટ પરીક્ષામાંથી મુક્તિ મળે તે માટે સરકાર પ્રયાસ કરે

અમદાવાદ, તા.૧૧

ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ ડોક્ટર બનીને સેવા કરવાના સપના જોઈ રહ્યા છે તેમના ભવિષ્યને અંધકારમય બનાવવાનું ઘોર પાપ ગુજરાતની ભાજપ સરકારે કર્યુ છે. ગુજરાતનો વિદ્યાર્થી ગુજરાતમાં ભણીને ગુજરાતમાં જ મેડીકલ કોલેજમાં પ્રવેશ માટે ગુજરાતીમાં લેવાનારી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો હતો તેને અચાનક નેશનલ એલીજીબીલીટી એન્ટ્રસ ટેસ્ટ નીટ અંગ્રેજીમાં પરીક્ષા દેવાનું માથે આવી પડ્યુંછે. ૨૦૧૩ માં ગુજરાત સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં દેશમાં ફરજીયાત કરવી કે નહી કે તેમાં ગુજરાત સરકાર પક્ષકાર હતી. સમગ્ર બાબતે જો ગુજરાત સરકારે પુરતી ચીવટ અને તત્પરતા તેમજ આનુઆંશિક તૈયારીઓ રાખી હોય તો આજે ગુજરાતના ૬૦હજાર જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને હતાશા અનેનિશ્ચિતતાની પરિસ્થિતિમાં ન મુકાવવું પડ્યું હોત. ગુજરાત ડોક્ટર બનાવાના સપના સેવનાર વિદ્યાર્થીને રાતો રાત અંગ્રેજી માધ્યમમાં અને એ પણ ગુજરાતમાં જે સિલેબર્સ નથી તે સિલેબર્સ મુજબની સ્પર્ધાત્મક નીટ ની પરિક્ષા આપવી પડે તો સ્વભાવિક રીતે જ ગુજરાતીમાં ભણેલા અને ગુજરાતના સિલેબસને ધ્યાને લઈને તથા ગુજરાતની મેડીકલ પ્રવેશની પરિક્ષાને નજર સામે રાખીને જે વિદ્યાર્થીઓ સતત ત્રણ વર્ષથી મહેનત કરી હોય તે વિદ્યાર્થીને હવે તાત્કાલિક તાલુકા સ્તરે કોચિંગ સેન્ટર કરીને માત્ર ગણતરીના દિવસોમાં નીટ પરીક્ષા આપવા માટે તૈયારી કરી દેવાશે તેવું નીતિન પટેલ નું નિવેદન અતિશય નિરાશાજનક છે. ગુજરાત સરકારે નામદાર સુપ્રીમ કોર્ટમાં ૨૦૧૩ માં જે એફિડેવિટ સુપ્રીમ કોર્ટ પાસે કરી હતી તેની તે જ એફિડેવિટ ૨૦૧૬ માં કરી છે. ભાજપના નેતાઓ સામે તેમણે કરેલા ગુનાહો બાબતમાં કોઈ પણ કેસ કોર્ટમાં જાય ત્યારે ભાજપની સરકારે થી માંડી ને કાર્યકર્તા સુધી સૌઉ ખુબજ જાગૃત બની જાય છે શામ, દામ, દંડ ભેદ વાપરીને અદાલતો માંથી પોતાના ધાર્યા પરિણામો લાવવા આસમાન પાતાળ એક કરે છે. જો આવી જ તત્પરતાના ૬૦હજાર વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ગુજરાતની ભાજપની સરકારે અને નીતિન પટેલે રાખી હોત તો ગુજરાતના વિદ્યાર્થીઓને આજની નિરાશાજનક પરિસ્થિતિમાં ન ધકેલાવવું પડ્યું હોત. ભાજપના લીગલ સેલના નેતા કે જેમને ભાજપની સરકારે સુપ્રીમ કોર્ટમાં સરકાના વકીલ બનાવ્યા છે તેઓ એ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે જે સાચી હકીકત છે તે મજબૂતી થી રજુ કરી નથી.



એક તરફ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે કરોડો રૂપિયા ખર્ચાય છે ત્યારે બીજી તરફ શાહીબાગ ડફનાળાની પાસે સાબરમતી નદીમાં જંગલી વેલ ઉગી નિકળી છે.

ફોટો ટૉક.... ■ હિરેન ભટ્ટ



હંમેશા કપરૂ કામ જ કરવા ટેવાયેલા આ તબીબો યાત્રા પણ કપરી કરવા જઈ રહ્યા છે... ગાંધીનગરના ઓર્થોપેડિક સર્જન ડૉ. રૂપેશ પટેલ અને શ્રીમતી ફાલ્ગુની પટેલ, સ્કીન સ્પેશિયાલિસ્ટ ડૉ. કાન્તિભાઈ શેખાત અને તેમના ધર્મપત્ની ગાયનેકોલોજીસ્ટ ડૉ. નીતાબેન શેખાત, સાયક્યાટ્રીસ્ટ ડૉ. ગૌરાંગ થાનકી અને શ્રીમતી રૂચી થાનકી, ઓર્થોપેડિક સર્જન ડૉ. કાન્તિભાઈ પટેલ અને શ્રીમતી મીનાબેન પટેલ, ગાયનેકોલોજીસ્ટ ડૉ. વિરલ લુહાર ઉપરાંત મેડીસીન ડીલર નિમિષ શાહ અને શ્રીમતી સોનલ શાહ, શ્રી ગિરીશભાઈ પટેલ અને શ્રીમતી હિનાબેન પટેલ તથા માહિતી ખાતાના નાયબ માહિતી નિયામક હિરલબેન જ્વલંત ત્રિવેદી સહિત ૧૪ યાત્રાળુઓનું ગૃપ ૧૪મી મે એ કૈલાસ-માનસરોવરની યાત્રાએ જઈ રહ્યું છે. તબીબો હોય એટલે તૈયાર અને સજ્જતાનું તો પુછવું જ શું..! દર ગુરૂવારે વહેલી સવારે આ મિત્રો શાલીન કોમ્પલેક્ષના નવ માળ ચાર વાર ચઢે-ઉતરે છે... દર રવિવારે દસથી બાર કિલોમીટરનું વૉકીંગ કરે છે... મહાદેવનો સાક્ષાત્કાર કરતાં પહેલાં આ તબીબો વાસણીયા અને ધોળેશ્વર સુધીની પદયાત્રા કરી આવ્યા છે... છેલ્લા બે મહિનાથી દરરોજ સવારે દોઢ કલાક સેન્ટ્રલ વીસ્ટામાં યોગ-પ્રાણાયામ કરે છે... અને હા, મકાઈના ઢેબરાં, મેથીની પુરી, થેપલાં અને પાપડ પૌઆ પણ પેક થઈ ગયા છે... આટલી તૈયારી હોય પછી કૈલાસ માનસરોવરના માઈનસ દશ ડિગ્રી તાપમાનની તો શી વિસાત !!! મન હોય તો માળવે જવાય અને આવી તૈયારી હોય તો જ કૈલાસ માનસરોવર જવાય.

# રાજ્યભરમાં હિટવેવ યથાવત

## સવારે ૯ના સુમારથી જ માથું તપાવી દે તેવી ગરમીને કારણે રાજ્યના તમામ શહેરોના લોકો ત્રાહિમામ બન્યા

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરમાં પણ આજે ગરમીનો પારો ૪૩.૫ સુધી પહોંચી જતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. બપોરના ગાળામાં લમણા શેકી નાંખે તેવી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો અને જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. બપોરના ગાળામાં લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું હતું. જો કે, જરૂરી કામ માટે બહાર નિકળેલા લોકોએ સાવચેતી રાખી હતી. હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં હાલમાં જ જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું.

પાટનગર ગાંધીનગરમાં આજે પારો ૪૩.૬ ડિગ્રી સુધી પહોંચ્યો હતો જ્યારે રાજ્યના કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૩.૮ સુધી પહોંચ્યો હતો જે રાજ્યનું સૌથી મહત્તમ તાપમાન રહ્યું છે. સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૩.૫ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોટાભાગના વિસ્તારોમાં લોકોની હાલત ગરમીના કારણે કફોડી બની હતી. અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણીને લઈને લોકો હેરાન પરેશાન થયેલા છે. તીવ્ર ગરમીના કારણે જનજીવન ઉપર પણ અસર થઈ હતી. શહેરમાં પાણીમાં ગંદકી હોવાની ફરિયાદ પણ ઉઠી રહી છે.

આજે ગરમીનો અનુભવ થયો હતો જેથી એસી અને પંખાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશન દ્વારા આગોતરી તૈયાર કરવામાં આવી હતી. મહત્તમ તાપમાનમાં વધારો થતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. સ્થિતિમાં હવે કોઈ સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. ગરમીથી બચવા માટે વિવિધ પગલા લેવા માટે હાલમાં નિષ્ણાત તબીબોની પણ સૂચના છે. ખાસ કરીને બાળકો અને મોટી વયના લોકો માટે સૂચના જારી કરવામાં આવી ચુકી છે. વધારે પ્રમાણમાં પાણી અને પ્રવાહીનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે.

તીવ્ર ગરમી વચ્ચે બિનજરૂરી બહાર નિકળવાનું લોકોએ ટાળ્યું હતું. બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ દેખાયા હતા. દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઈએમડી અમદાવાદના સહયોગથી અમદાવાદ હીટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે. અમદાવાદના મેયરના નેતૃત્વમાં શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં કામ કરતી એનજીઓ સામાજીક સંસ્થાઓ સાથે મીટીંગ યોજવામાં આવી રહી છે. આ સંસ્થાઓનાં સહકારથી અમદાવાદનાં જુદા જુદા વિસ્તારોમાં કુલ ૪૭૫ જેટલી પાણીની પરબો કાર્યરત કરવામાં આવી છે. તેમજ વધુને વધુ સંસ્થાઓને આવરી લઈ મહત્તમ પરબો ચાલુ થાય તે માટેની કામગીરી ચાલુ છે.

# ટેક્સટાઈલ ઉદ્યોગમાં રાજ્ય ભારતભરમાં અગ્રેસર બન્યું

## રૂપિયા ૧૪૧ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૫૬ એકમોને પાવર ટેરિફ અને વ્યાજ સહાય તેમજ વેટ રાહત મંજુર

ગાંધીનગર,તા. ૧૧

રાજ્યના નાણા, ઊર્જા અને ખાણ ખનિજ વિભાગનામંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સબળ નેતૃત્વ હેઠળ ગતિશીલ ગુજરાતે ટેક્સટાઈલ્સ ક્ષેત્રે વિકાસના નવા સોપાનો સર કર્યા છે. રાજ્ય સરકારે ગુરાત ટેક્સટાઈલ્સ પોલિસી અંતર્ગત ટેક્સટાઈલ્સ ઉદ્યોગમાં વિવિધ પ્રોત્સાહનો આપ્યા છે જેના કારણે ટેક્સાઈટલ ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં અગ્રેસર રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત ટેક્સટાઈલ પોલિસી હેઠળની જુદી જુદી પ્રોત્સાહન યોજનાને કારણે ઉદ્યોગકારોને સીધો જ લાભ મળી રહ્યો છે. ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૧૨ અન્વયે જાહેર કરવામાં આવેલ વિવિધ પ્રોત્સાહન યોજનાઓની રાજ્યકક્ષાની મંજુરી સમિતિની ૧૧મી બેઠકના અધ્યક્ષસ્થાનેથી મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, વ્યાજ સહાય યોજના અંતર્ગત વીવીંગ, મેઈડ-અપ્સ, નીટેડ ફેબ્રીક્સ, પ્રોસેસિંગ, એમ્બ્રોઈડરી, કોટન જીનિંગ, ટ્વીસ્ટીંગની ૪૮ તેમજ ટેકનિકલ ટેક્સાઈટલની ૮ મળી કુલ ૫૬ દરખાસ્તો મંજુર કરવામાં આવી હતી. આ એકમો અમદાવાદ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગાંધીનગર, મહેસાણા, મોરબી, પાટણ, રાજકોટ, વડોદરા અને સુરત જિલ્લામાં સ્થાપિત થયેલા છે. આ એકમોને વ્યાજ સહાય, વેટ કન્શેશન તેમજ કોટન વિવિંગ એકમોને પાવર ટેરિફ સહાય માટે મંજુરી આ બેઠકમાં આપવામાં આવી હતી. આ એકમોમાં પ્લાન્ટ અને મશીનરીના રૂપિયા ૧૪૧ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ટેકનિકલ ટેક્સાઈટલના એકમ માટે છ ટકા અને અન્ય એકમો માટે પાંચ ટકા વ્યાજ સહાય મંજુર કરવામાં આવી હતી તેમજ પાત્રતા અનુસાર, એકમોને વેટ કન્શેશનના લાભ પણ આ બેઠકમાં મંજુર કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ રાજ્ય કક્ષા સમિતિની કુલ ૧૦ બેઠકો મળી હતી જેમાં ૫૪૯ એકમોને મંજુરી આપવામાં આવી છે. આ એકમોમાં પ્લાન્ટ અને મશીનરીમાં કુલ ૯૨૦૮૦૮ લાખનું મૂડીરોકાણ કરવામાં આવેલ છે.



## ઇડરમાં વૈદ્યે ઘરકંકાસને કારણે પત્નીની હત્યા કરી....

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં આયુર્વેદિક દવાનું વિતરણ કરતા વૈદ્યે પોતાની પત્નીની કારમાં જ તિક્ષ્ણ હથિયાર વડે કરી નાખી હત્યા. કારણ એ હતું કે ઘરકંકાસને લઈને ઈડર પોલીસમાં પ્રથમ ફરિયાદ નોંધાઈ હતી. ત્રણ અજાણ્યા શખ્સોએ લૂંટ કરી હત્યા અને પોલીસે સઘન તપાસ કરતા પતિએ પોતે હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે વૈદ્ય પતિની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. કાંતિભાઈ પત્ની સાથે પોતાની કારમાં પોતાના ગામ છાપી જવા નીકળ્યા હતા અને સુરપુર ગામે કોઈ અજાણ્યા શખ્સો કારમાં બેસી ગયા હતા અને તેમને સોનાનો દોરો અને મોબાઈલ લૂંટી લઈ કાન્તિભાઈની પત્ની ચંદ્રિકાની હત્યા કરી હતી અને મંગળવારે સવારે કાર મળી હતી. કાનપુર ગામ પાસે જેમાં બેભાન અવસ્થામાં કાન્તિભાઈ અને તેમની પત્ની ચંદ્રિકાનો મૃતદેહ હતો. જે અંગે ચંદ્રિકાબેનના ભાઈ વિનોદભાઈની ફરિયાદના આધારે પોલીસે ત્રણ અજાણ્યા શખ્સ વિરુદ્ધ લૂંટ અને હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# કર્મચારીના વિકલાંગ અને અંધ સંતાનને પેન્શનનો લાભ મળશે

## રાજ્ય સરકારનો અતિમહત્વનો નિર્ણય : નાણામંત્રી અને સરકારના પ્રવક્તા સૌરભ પટેલ દ્વારા જાહેરાત કરાઈ

ગાંધીનગર,તા. ૧૧

રાજ્યના નાણામંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, મુખઅયમંત્રી આનંદીબેન પટેલના સબળ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓના દિવ્યાંગ સંતાનો માટે મહત્વનો નિર્ણય લઈ તેમને કુટુંબ પેન્શનનો લાભ તસ્વરે મળે તે માટે પગલા ભર્યા છે. રાજ્યના નાણા વિભાગે બહાર પાડેલા ઠરાવ અનુસાર ચાલુ નોકરીએ અવસાન પામેલા કર્મચારી કે નિવૃત્ત થયેલા અને પેન્શન મેળવતા કર્મચારીના શારીરિક અથવા માનસિક અશક્ત હોય તેવા કે અંધત્વ પ્રાપ્ત કરેલા સંતાનને હવે આજીવન કુટુંબ પેન્શન મળશે.

રાજ્યના નાણામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ મહત્વના નિર્ણયથી સરકારી અધિકારી કે કર્મચારીના આવા વિકલાંગ સંતાનોએ જો ૨૫ વર્ષની વય પ્રાપ્ત કર્યા બાદ જો વિકલાંગતાનો ભોગ બન્યા હોય તો તેમને કુટુંબ પેન્શન મળતું ન હતું.

આ ઠરાવના સુધારાથી હવે ઉંમરનો બાધ રાખ્યા સિવાય આવા વિકલાંગ કે અંધ સંતાનોને લઘુત્તમ કુટુંબ પેન્શન નિયમાનુસાર મળવાપાત્ર થશે. આ ઉપરાંત આવું પેન્શન મેળવવા માટે અગાઉ વૈવાહિક દરજ્જાને પણ ધ્યાનમાં લેવાતો હતો જે હવેથી આ ઠરાવના કારણે ધ્યાને લેવાશે નહીં. આમ સરકારી અધિકારી કે કર્મચારીના સંતાનો વિકલાંગ કે અંધ હોય તો ઉંમર કે વૈવાહિક દરજ્જાને ધઅયાને લીધા સિવાય આજીવન લઘુત્તમ કુટુંબ પેન્શન મળવાને પાત્ર બનશે. આ ઉપરાંત આ ઠરાવમાં સૂચવ્યા મુજબ એક કરતા વધુ અપંગ સંતાનોના કિસ્સામાં કુટુંબ પેન્શન સરખા ભાગે વહેંચવાનું રહેશે.

## લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

● તમે તમારી આસપાસનાં નાનાં બાળકોને રમત, ગીત શીખવી શકો. ● સારી સંસ્કારી - બોધપ્રદ વાર્તાકથન ગોઠવો. ● પોતાના વિસ્તારમાં નાનકડી ''પુસ્તક પરબ'' ગોઠવો પુસ્તકોનું આદાન પ્રદાન કરી શકાય.

● નજીકની હોસ્પિટલની મુલાકાત લો. ● તમને ગમતું જેને તમે સારું કામ કહો છો તેવું નાનું મોટું કામ દિવસમાં એકવાર કરો. ● નજીકમાં સમાજ સેવા કરનારી કોઈ સંસ્થા હોય તો તેવી સંસ્થાની મુલાકાત લો. તમને યોગ્ય લાગે તે રીતે સહભાગી થવું. ● ગરીબ - ઝૂંપડપટ્ટીના લોકો પ્રત્યે હમદદી કેળવી શકાય એવું કઈક આયોજન કરો. ● વેકેશનમાં ''જાત મહેનતની કમાણી'' નો અનુભવ કરો. દાન કરવા હાથ લંબાવતા શીખો. ● વેકેશન પૂરતું ટી.વી. ફિલ્મ, મોબાઈલ, કોમ્પ્યુટરનો ઉપયોગ બને એટલો ઓછો કે સદંતર બંધનો નિયમ લો.

દોસ્તો, આ તો જે કઈ સૂઝ્યું તે કહ્યું છે! જેને કઈક કરવું છે, રસ છે તેને તો પોતાની કુશળતા મુજબ કઈક સૂઝશે.... કરવા જેવું લાગે તે કરી જુઓ અને વેડફાઈ જતા વેકેશનને કુશળતાથી વાપરો.... આ વવાઈ ગયેલી પળોની જ્યારે લણણી કરશો ત્યારે અનહદ આનંદ અનુભવશો...

સ્પર્શમણિ :

કેલાક પાસે વય હોય છે પણ લયનો અભાવ હોય છે.

કોઈ તમારી કૂથલી કરતુ હોય તો અપસેટ ન થશો. યાદ રાખો કે ફળ વગરનાં વૃક્ષો પર કોઈ પથ્થર ફેંકતું નથી.

અન્યનું દિલ બદલાતાં પહેલાં આપણું દિમાગ બદલવું જોઈએ.

- RASIKVALAND1965@GMAIL.COM

## પારો ઉંચકાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂર્યનારાયણ હાલ પોતાના આકરા મિજાજમાં આવી ગયા છે. ને સવારથી જ આકાશમાંથી અગનગોળા વર્સાવી રહ્યા છે. આ ગરમીની અસરથી જનજીવન પર ભારે અસર થઈ રહી છે અને નાગરિકો ગરમી સામે રક્ષણ મેળવવા અવનવા નુસખા કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં બે દિવસથી સૌથી વધુ ગરમી નોંધાઈ રહી છે. ગત રોજ ગરમીનો પારો મહત્તમ ૪૩.૫ નોંધાયો હતો જેની સામે આજે પણ ગરમીમાં લોકોને કોઈ રાહત નથી અને ગરમીના પારામાં પોઈન્ટ ૧ નો વધારો થવા પામ્યો છે ને પારો ૪૩.૬ ડિ.સે. નોંધાયો છે. જ્યારે આવતીકાલે આ ગરમીનો પારો ૪૪ ડિ.સે.ને પાર કરે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. સતત પડી રહેલી ગરમી અને હિટવેવનો હિર હજુ પણ આકરો બનશે.

ભયંકર ગરમી સામે રક્ષણ મેળવવા બચવા લોકો કામકાજ સિવાય ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. સૂર્યદેવના દર્શન થતા જ માર્ગ સુમસામ બની રહ્યા છે. લોકો એસી, કુલર જેવા ગરમીથી રાહત આપતા ઉપકરણો શરૂ કરી ઘરમાં જ બેસી રહે છે.

આજે ગરમીનો મહત્તમ પારો ૪૩.૬ ડિ.સે. જ્યારે લઘુત્તમ પારો ૨૮.૦ ડિ.સે. નોંધાયો હતો. હવામાન વિભાગે પણ ગાંધીનગર શહેરમાં પડી રહેલી ગરમીની ગંભીરતા જોતા ઓરેન્જ કાર્ડ જાહેર કર્યું છે. આગામી દિવસોમાં શહેરીજનોને ગરમીથી કોઈ રાહત મળે તેમ નથી.


## જાહેરાત

કમિશનરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, પ્રથમ માળ, ગાંધીનગર આ કચેરી ખાતે ઈલેક્ટ્રીક રીપેરીંગની કામગીરી માટે વાર્ષિક કરારથી કામગીરી કરવાની હોય મકાન અને માર્ગ ખાતામાં રજીસ્ટર થયેલ હોય તેવા માન્ય કોન્ટ્રાક્ટરો પાસે ભાવપત્રક બંધ કવરમાં વહીવટી અધિકારીશ્રીના નામજોગ રજીસ્ટર પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત સરનામે તા. ૨૫/૫/૨૦૧૬ સુધીમાં સાંજે ૬.૦૦ વાગ્યા પહેલા મળી જાય તે રીતે મોકલવા. આ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણ દર્શાવવામાં આવશે નહિ.

કમિશનર વતી,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૩૩૨/૨૦૧૬-૧૭

## ટુંકી મુદતની નિવિદા

વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬/૨ની કચેરીમાંરોજબરોજના ઝેરોક્ષનું કામ કરાવવા માટે એક વર્ષનો ઈજારો આપવા માટે ઝેરોક્ષની કામગીરી કચેરીમાં મશીન મુકી પોતાના કર્મચારી પાસે કરી આપવાની રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે મુજબના કામના ભાવ મંગાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | નકલ | નકલનો |
|---|---|---|---|
| ૧. | સાદી ઝેરોક્ષ કોપી સીંગલ સાઈડ | (૧) એક | |
| ૨. | સાદી ઝેરોક્ષ કોપી ડબલ સાઈડ | (૧) એક | |
| ૩. | જમ્બો ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૪. | મલ્ટી કલર ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૫. | સ્પાયરલ બાઈન્ડીંગ ક્લીયરીંગ પેજ સાથે | (૧) એક બુક ૧૦૦ પેજ<br>(૨) એક બુક ૫૦ પેજ | |
| ૬. | લેમીનેશન | એ-૪ સાઈઝ રોલર પેપર પાઉચ લેમીનીશન | |

ઝેરોક્ષની કામગીરી કચેરીમાં મશીન મુકી પોતાના કર્મચારી પાસે કરી આપવાની રહેશે.
ઉપરોક્ત મુજબના ભાવો તા. ૨૦/૫/૨૦૧૬ સુધીમાં નીચે સહી કરનારને રજી.પો.એ.ડી.થી મળે તે રીતે મોકલવાના રહેશે.
સીલબંધ કવર ઉપર ઝેરોક્ષ અંગેના ભાવો તેવું સ્પષ્ટ લાલ અક્ષરથી લખવાનું રહેશે.
મુદત વિત્યા બાદ આવેલભાવો પર ધ્યાન આપવામાં આવશે નહિ.
આ ટુંકી મુદતની નિવિદામાં આવેલ ઓફરોમાંથી ગમે તે ઓફર મંજુર કરવા કે નામંજુર કરવાની અબાધિત સત્તા નીચે સહી કરનારની રહેશે

સહી/-
મદદનીશ વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૩૩૭/૨૦૧૬-૧૭

## જાહેર નિવિદા

**વાહન સુવિધા (હંકાવનારની સેવા સાથે) અને વાહન હંકારનારની સેવા પૂરી પાડવા અંગે**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર ખાતેની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) અને વાહન હંકારનારની સેવા પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૦.૩૦ થી ૬.૦૦ કલાક વચ્ચે તા. ૧૭/૫/૨૦૧૬ સુધીમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરી ખાતેથી અરજી સાથે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની કચેરીના નામનો રૂ. ૨૫૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહિ ચૂકવવા પાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૬/૫/૨૦૧૬ના રોજ ૧૨.૦૦ કલાકે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૭/૫/૨૦૧૬ના રોજ ૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૦/૫/૨૦૧૬

સહી/-
(બી. એચ. તલાટી)
સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી
ગાંધીનગર

માહિતી/૩૩૫/૨૦૧૬-૧૭